
# હું તારી ચિંતા કરવાવાળો બેઠો છું પછી તું આટલો બીવે કેમ છે?



**સાંઇચિંતન**
**વિરેશ રૂદલાલ**

બાબાના આ શબ્દો યાદ કરીને, બાબાના પરમભકત કાકા સાહેબની આંખો ભીંજાઈ જયારે એક બહુ મોટી મુસિબતમાંથી તેઓ હેમખેમ પાર ઉતર્યા વિચારો કે કોઈ આવું ખાતરીપૂર્વક કોઈ કહી શકે અને સાચા સંત સિવાય તો આવો ભરોસો કોણ આપી શકે? પરંતુ આ શબ્દો જયારે પરબ્રહ્મ સ્વરૂપ બાબાના મુખમાંથી ટપકયાં હશે ત્યારે એની પાવરફૂલ અસર મસિજદના ખૂણે ખૂણે સુગંધિત થઇ ઉઠી હશે અને ખાસ કરીને કાકા સાહેબ તો ગદગદિત થઇ ઉઠયા હશે. કાકા સાહેબ પણ બાપલા આપણા જેવા સાદા સીધા ભકત હતા. ભયજનક પરિસ્થિતિમાં ગભરાઈ તે પણ સ્વાભાવિક છે. પરંતુ બાબાના આ શબ્દો જીવનભર એક હિંમત આપતા રહ્યા. મરાઠીમાં બાબાએ કહ્યું કે 'તુલા કાળજી કસલી, માજે સારા કાલજી આહે'

હવે આ શબ્દોની યથાર્થતા એકવાર પરીક્ષાની એરણે ચઢી. એકવારા કાકા સહેબ દિક્ષીત, સંતરામ એમ ફણસે સાથે સરકારી કામે પાલઘર જવા નીકળ્યા. હવે તે સમયે ઘાટ ચઢીને જવું પડે અને મહારાષ્ટ્રમાં ઠેરઠેર આવા ઘાટ ઓળંગવા માટે બળદ ગાડા સિવાય બીજો વિકલ્પ ન હતો. કારણ કે ઘાટના રસ્તાઓની મરમ્મત અને સારા ડામરવાળા રસ્તાઓનો અભાવ તે સમયે હતો. તેથી સહ્યાદ્રિ પર્વતની શૃંખલામાં રાનસેટ પર્વતીય ઘાટ ઓળંગવા માટે તેઓએ બળદગાડાનો સહારો લીધો ગીચઝાડ, જંગલ અને સાંકડો ઘાટ સાંજ પડી અને અંધારૂ ઘોર, એક બાજુ ઊંડા કોતરો તો બીજા બાજુ મોટા મોટા પત્થરો અને પર્વતોની હારમાળા. આગળ વધવા સિવાય કોઈ આરો ઓવારો નહિ અને પાછળ જો હટયા તો સમજો ઊંડા કોતરોમાં ગરકાવ થઈ જાવ અને બન્યુ પણ એવું જ બળદો થોડા અજંપાગ્રસ્ત બનીને પાછળ ઢોળાવ બાજુ સરકવા લાગ્યા બિલ્કુલ આગળ વધે નહિ. હવે આવી ભયજનક સ્થિતિનું નિર્માણ થતા કાકા સાહેબ અને ફણસે બન્ને દ્વિધામાં પડયા અને આગળ જોયું તો એક બળદગાડુ કે જેનું એક પૈડું તૂટેલું હતુ તે સાંકડા રસ્તાની વચ્ચોવચ ઉભું હતું. હવે આ આગળ ઉભેલું બળદગાડું જરા પણ હાલે કે પાછળ ધસે તો અકલ્પનીય પરિસ્થિત ઉભી થાય અને એટલે જ બન્ને બળદો રઘવાયા બની પછળ તરફ ઘસવા લાગ્યા. આમ હવે પાછળ કેટલા રિવર્સમાં જાય છે તે ચિંતાજનક વિષ્ય બન્યો. બન્ને સાઈભકતો કાકા સાહેબ અને ફણસે ગાડામાં પાછળ બેઠેલા, એવામાં જ ફણસે ને આગળ થોડે દૂર પહાડી પર ચમકતી આંખો વાળી કોઈ પ્રાણીની પ્રતિકૃતિ લાગી એ તગતગતી આંખોવાળુ પ્રાણી પણ આ બન્ને ને દૂરથી જોઈએ રહ્યું પણ કોઈ પ્રતિભાવ વગર શાંતિથી બેઠેલું હતું. ફણસે એ અંધારામાં બરાબર જોયુ તો એક મોટો વાઘ બેઠેલો હતો. કાકા સાહેબ અને ફણસે બન્ને થોડા ગભરાયા પરંતુ ફણસે હિમ્મતવાન હતા અને આપરિસ્થિતિમાં બુદ્ધિપૂર્વક રસ્તો કાઢવો જરૂરી હતો. એક તરફ વિકરાળ કોતરો બાહો ફેલાવીને શિકાર માટે તૈયાર હતા તો બીજી તરફ વાઘ એક ઝાટકે કોળિયો કરી જવા તત્પર હતો. વિચારો કેટલી ભયજનક સ્થિતિ હશે!

**એક તરફ વિકરાળ કોતરો બાંહો ફેલાવીને શિકાર માટે તૈયાર હતા તો બીજી તરફ વાઘ એક ઝાટકે કોળિયો કરી જવા તત્પર હતો. વિચારો કેટલી ભયજનક સ્થિતિ હશે!**

# યુગપ્રવર્તક રાષ્ટ્રસંત તુકડોજી મહારાજે ભૌતિક-અધ્યાત્મિક ચેતના જગાવી

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

'પરમાત્માની ઉપાસના કરનારા સંતપુરુષ એ અમર પદ પ્રાપ્ત કરે છે. આવા સંત પુરુષ અન્ય લોકોને પણ ઉત્તમ માર્ગે જવાની પ્રેરણા આપે છે. તેઓ કાયમ સ્વબુદ્ધિથી વિવેકપૂર્વક જ બધા કામો કરે છે, તેથી જ તેઓ સદા પ્રગતિ કરે છે.' ઋગ્વેદ 1/ 110/ 4. અન્ય લોકોને ઉત્તમ માર્ગે જવાની પ્રેરણા આપનાર રાષ્ટ્રસંત ની આ સપ્તાહમાં જન્મ જયંતી છે. માણેક દેવ બંડુજી જેને દુનિયા ગુરુ પ્રદત્ત નામતુકડયા દાસ એટલે કે તુકડોજી મહારાજ ના નામે ઓળખે છે. તેમના બહુઆયામી વ્યક્તિત્વ સેવા, ધર્મ, માનવતા રાષ્ટ્રપ્રેમને જનસમુદાયમાં વધુ પ્રોત્સાહિત કરી, સામુદાયિક પ્રાર્થના અભિયાનને દેશ દુનિયાના ધર્મગુરુઓ રાજનેતાઓ થી માંડીને સમાજના તમામ વર્ગના તમામ ક્ષેત્રના અગ્રણીઓ થી માંડી જનસમુદાયે એક અવાજે બિરદાવ્યા, પ્રભાવિત કર્યા 'મહારાજ શ્રી ના ભજનો એ એક સ્વયંભૂ મહાન કાર્ય છે. જેના લીધે જનતા પ્રભાવિત થઈને સુગમતાપૂર્વક કામે લાગી જાય છે. આપણા @ સેવા મંડળના પ્રચારકો પણ ગામેગામ ફરીને ગ્રામ ઉન્નતિ ના બધા કાર્યક્રમો કરે છે. ભારતમાં સંતોની ઉણપ નથી, પરંતુ આવા વિધાયક કાર્યો કરનારા સંતો ક્યાં મળે છે? મેં પ્રત્યક્ષ જોયું છે. પચાસ-પચાસ હજાર ગ્રામીણ લોકો તેઓના ભજનમાં એકત્રિત થાય છે. ત્રણ- ત્રણ કલાક શાંતિથી બેસે છે. અનુશાસનપૂર્વક તેઓના વિચાર સાંભળે છે. રામધૂનની હરોળમાં ચાલે છે. ભારતીય પરંપરાને મહારાજ શ્રી એ સારી રીતે સુશોભિત કરી છે.'- રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ. 'મેં મહારાજના ભજન સાંભળ્યા છે. તેમના ગુરુકુંજ આશ્રમે જઈ આવ્યો છું. મહારાજ એક દૈવી શક્તિના અધિકારી પુરુષ છે. આટલું મોટું કાર્ય કાંઈ મામૂલી શક્તિનું નથી.- રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના યાવલી ગામે 1909 ની 30 મી એપ્રિલે પિતા બંડુજી અને માતા મંજુલા દેવીના પરિવારમાં જન્મેલા બાળકનું મૂળ નામ માણેક દેવ હતું માણેકને નાનપણથી જ ખંજરી વગાડવામાં તથા ભજન કીર્તનમાં ખૂબ રસ હતો. પિતાને ભણવાની ઉંમરે આ પસંદ નહોતું એટલે તેને નવ વર્ષની ઉંમરે વિદાય કર્યો. મોસાળ અમરાવતી જિલ્લાના વરખેડ ગામમાં ગુરુદેવ પરમહંસ આડકોજી મહારાજના સાંનિધ્ય તથા સત્સંગ પ્રાપ્ત થયા. માત્ર ચાર ધોરણ સુધી ભણેલા તુકડોજી એ રામટેક વિસ્તારના ગાઢ જંગલોમાં કઠોર તપ કર્યું. જોકે તેમને ખૂબ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. દરમિયાન આનંદામૃત તથા આત્મ પ્રભાવ નામના આધ્યાત્મિક ગ્રંથની રચના કરી. ભારતભ્રમણ માટે નીકળી પડ્યા તે દરમિયાન સમાજની ગતિવિધિ નું બારીકાઈ થી નિરીક્ષણ કર્યું. કાશી, પ્રયાગ, હરિદ્વાર, પુષ્કર, પશુપતિનાથ (નેપાળ), ઓમકારેશ્વર વગેરે તીર્થોમાં જઈ સંત મહાત્માઓ સાથે સત્સંગ, ચર્ચા કરી વ્યાપક વિશુદ્ધ ધર્મ નો ઉપદેશ કર્યો. સાથોસાથ યજ્ઞ, સપ્તાહ, ચાતુર્માસ, ભજન વગેરે પુરાણા

માધ્યમોને નવું જીવન આપતા પોતાના ઓજસ્વી વિચારો સમાજને આપ્યા. તેમના ઓજસ્વી ભજનોએ જનતામાં ચેતનાની નવી લહેર ફેલાવી. 1936 માં સાલબર્ડી ખાતે અભૂતપૂર્વ મહારુદ્ર સંપન્ન કરી મોજરી ગામે તુકડોજી મહારાજે માનવતા ધર્મ પ્રેરણા માટે ધર્મ સેવાશ્રમ ની સ્થાપના

કરી. સમાજ ક્રાંતિનો માર્ગ સમાજને બતાવ્યો. ગ્રામજનો તરફ ધ્યાન કેન્દ્રિત કરી ગ્રામજનોની ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ કેવી રીતે કરી શકાય તે માટે ચિંતન -મંથન કર્યું. પોતાના ગામને મંદિર તથા ગામવાસીઓને દેવતા માન્યા. મહાન વિધાયક કાર્યોથી અને સમાજવાદી વિચારોથી પ્રભાવિત થઈ મહાત્મા ગાંધીએ તુકડોજી મહારાજને એક મહિનો સેવાગ્રામ આશ્રમમાં રહેવાનો આગ્રહ કર્યો. ગાંધીબાપુ સાથે આધ્યાત્મિક તથા સુધારાવાદી વિષય પર વિચાર મંથન કર્યું. તુકડોજીના ખંજરી ભજન ના પ્રભાવથી એક દિવસ મહાત્મા ગાંધીએ મૌન પણ તોડી નાખ્યું હતું ગાંધીજીએ કહ્યું, 'મહારાજજી, તમારા ભજન તથા વાણીમાં ઈશ્વરી શક્તિનો જ અનુભવ થાય છે અને સમાધિ આનંદ મળે છે.' 1942માં તુકડોજીના પ્રભાવથી ગામે ગામ નવયુવકોના આરતી મંડળ, ભજન મંડળ, ગ્રામરક્ષણ દળ વગેરેના મંડળ બનાવ્યા. ઓજસ્વી ખંજરી ભજન અને વાણી દ્વારા યુવાનોને સ્વાતંત્ર્ય યજ્ઞ માટે પ્રોત્સાહિત કર્યા. બ્રિટિશ સામ્રાજ્યને ધ્રુજાવ્યું. તેમના ભજનો એ યુવાનોમાં આઝાદી માટે જોમ જગાવ્યું. બ્રિટિશ સરકારે તુકડોજીને



નાગપુર, રાયપુરની જેલમાં પુર્યા. જેલમાંથી છૂટ્યા બાદ જનતામાં નવ ચેતનાનો સંચાર કરવા સર્વધર્મીંય વિશ્વશાંતિ 'પ્રાર્થના સપ્તાહ'નું આયોજન કર્યું . આરતી મંડળને 'ગુરુદેવ સેવા મંડળ' ના નામે પુનર્જીવિત કર્યું સેવા મંડળ અંતર્ગત હજારો પ્રચારકો તૈયાર કર્યા. માનવતા ધર્મ વિચાર પ્રસાર પ્રબોધન માટે 'શ્રી ગુરુદેવ' માસિકપત્ર ચાલુ કર્યું જે આજે પણ ચાલે છે.1947માં સ્વરાજ્ય બાદ તેને સુરાજ્ય બનાવવા અજોડ પ્રયાસ કર્યા. રામટેકના રામ મંદિર અને પંઢરપુરના મંદિરમાં હરિજનોના પ્રવેશ માટે સફળ સત્યાગ્રહ કર્યો. કલા ઉપાસક તુકડોજી મહારાજ માનતા કે, દરેક જીવનો વિકાસ કલાથી જ થયો છે. ગામડાઓમાં વણાટ કળા, કુંભાર કળા, ગાયન કળા, સીવણ ભરત-ગુંથણ, સુથારી કામ જેવી પ્રવૃત્તિઓથી ગ્રામીણ જનતા વ્યસ્ત રહેશે અને આર્થિક દ્રષ્ટિથી સ્વયંપૂર્ણ બનશે. આ તેમણે અમલમાં મૂક્યું જેની શરૂઆત પોતાના આશ્રમથી શરૂ કરી. તુકડોજી મહારાજ પોતે પણ અનેક કળા જાણતા હતા. સંગીત, ખંજરીવાદન, સુતર કાતવું, વણાટ કળા,તરણ કળા, ઘોડેસવારી તથા સાઈકલ, બાઈક, મોટરકાર ચલાવતા સારું આવડતું હતું.1948માં સેવાગ્રામમાં આયોજિત શાંતિ સંમેલનમાં દેશ-વિદેશના શાંતિ દૂત પધાર્યા હતા. તુકડોજી ના વિશ્વ વ્યાપક વિશ્વ બંધુતા માનવતા ના વિચારોથી પ્રભાવિત થયા હતા.

**1949 માં તુકડોજી મહારાજના રચનાત્મક કાર્યક્રમો પ્રત્યક્ષ નિહાળી દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમને રાષ્ટ્રસંતનું બિરુદ આપ્યું**

રાષ્ટ્રીયકક્ષાના સેવા સંમેલન, નશાબંધી સંમેલન, રાષ્ટ્રભાષા સંમેલન, વેદાંત પરિષદમાં તેમની દિવ્યવાણી દ્વારા ગાયેલા ભજનો એ સૌને પ્રભાવિત કર્યા. 1949 માં તુકડોજી મહારાજના રચનાત્મક કાર્યક્રમો પ્રત્યક્ષ નિહાળી દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમને રાષ્ટ્રસંત નું બિરુદ આપ્યું.-ઈદં ન મમ.